# શહેરમાં વિવિધ સંસ્થાઓ અને કચેરીઓ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

**નવગુજરાત સમય** > અમદાવાદ

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ સંસ્થાઓ અને કચેરી દ્વારા અલગ અલગ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવતી હોય છે. તેમાં સ્વચ્છતા, વૃક્ષારોપણ અને પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતના ઉપયોગને પ્રોત્સાહન આપતાં વિવિધ કાર્યક્રમો યોજાયા.

દસક્રોઇ મહેસૂલ ભવન ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત મદદનીશ કલેક્ટર નેહા કુમારીની આગેવાનીમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું. જેના ભાગરૂપે કચેરીના દરેક રૂમની સફાઇ, મેદાનની સફાઇ, ગટરની સફાઇ તેમજ પાણીની ટાંકી સાફ કરાઈ હતી. જેમાં કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

### પર્યાવરણમિત્ર દ્વારા 'વોક કમ રેગ પિકિંગ'નું આયોજન

કચરો એકઠો કરતી મહિલાઓના સ્વાસ્થ્ય અને અધિકારો માટે કાર્યરત પર્યાવરણમિત્ર સંસ્થા દ્વારા વહેલી સવારે 'વોક કમ રેગ પિકિંગ'નું આયોજન કરાયું હતું. તેમના આ કાર્ય બદલ પર્યાવરણ દિવસે ઋણાનુવાદ અદા કરવાના હેતુથી ગાંધી આશ્રમથી કેટલાક લોકો આ મહિલાઓ સાથે સવારે 5 વાગ્યે જોડાયા હતાં. તેમાં 40 લોકોએ ભાગ લીધો અને એક કલાક સુધી રિસાઇકલ થઇ શકે તેવો કચરો ઉપાડવામાં મદદ કરી. ત્યાર બાદ તેમણે આ પ્રવૃત્તિ બાદ પોતાના અનુભવો અને લાગણીઓ એકબીજા સાથે વહેંચ્યા હતાં. આમાંના મોટા ભાગના લોકોએ પહેલી વખત નીચે પડેલો કચરો હાથમાં લીધો હશે, જેનાથી તેમને સમજાયુ કે સામાન્ય જીવનમાં આપણે દરરોજ આ કચરામાં કેટલો ઉમેરો કરીએ છીએ.

### આઇઆઇટી ગાંધીનગર ખાતે પ્રદર્શન અને વર્કશોપ યોજાયા

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ગાંધીનગર દ્વારા સસ્ટેઇનેબલ લાઇફસ્ટાઇલ અપનાવવા અંગે એક ખાસ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. હરા પિટારા સાથે મળીને આઇઆઇટી ખાતે ગ્રીન માર્કેટ પણ યોજાયું હતું જેમાં ઇકોફ્રેન્ડલી વસ્તુઓ મૂકવામાં આવી. જ્યાં ઇવેસ્ટ કલેક્શન સેન્ટર પણ ઊભુ કરાયું હતું. એ સિવાય બાળકો માટે કેટલીક વર્કશોપ અને સ્પર્ધાઓ પણ રાખવામાં આવી હતી. તેઓ પગમાર્ક પેઇન્ટિંગ શીખ્યા હતાં. અન્ય વર્કશોપમાં તેમને ઘર અને શાળાના કચરાના નિકાલની પદ્ધતિઓ શીખવવામાં આવી હતી. આ કાર્યક્રમોમાં આઇઆઇટીના વિદ્યાર્થીઓ, ફેકલ્ટી તેમજ તેમના પરિવારોએ ભાગ લીધો હતો.

Title: World Environment Day celebration
Source: NavGujarat Samay (Ahmedabad; Pg. No.4)
Date: 06-06-2018